જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૭/૨૦૨૦ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૧૯૮/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૮૫૭ | ૩ | ૯૮૬૦ | ૧૫૯૧૩ | ૩ | ૧૫૯૧૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૨૮૫ | ૭ | ૪૨૯૨ | ૫૮૦૧ | ૭ | ૫૮૦૮ |
| ૫૪૮૦૦ | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ૦ | ૪૩ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૨૨૭૫ | ૧૭૩ | ૧૨૪૪૮ | ૧૨૭૭૩ | ૧૬૮ | ૧૨૯૪૧ |
| કુલ | | ૨૬૪૬૦ | ૧૮૩ | ૨૬૬૪૩ | ૩૪૬૯૦ | ૧૭૮ | ૩૪૮૬૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૫ | ૯,૫૭,૯૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૩૯૨ | ૮,૮૭,૪૦૦/- |

# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## નિકોલ પોલીસ સ્ટેશન :-

### નિકોલ પોલીસ સ્ટેશનનો હિશીસ્ટ્રીશીટર અને હત્યાની કોશિષના ગુન્હામાં સંડોવાયેલ નાશતા-ફરતા આરોપી અજીત ઉર્ફે અર્જુન કુશ્વાહ નાને ઝડપીપાડતી

અધિકપોલીસકમિશ્નરશ્રીસેક્ટર-૨અમદાવાદ શહેરનાઓએ ક્રાઈમ રીવ્યુ દરમ્યાન મિલકત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા તેમજ ભારે ગુન્હાઓમાં નાશતા-ફરતા આરોપીઓને શોધી કાઢવા સારૂ સુચના કરેલ હોય, જે સુચના આધારે મે.નાયબપોલીસકમિશ્નરશ્રીઝોન-૫સાહેબ નાઓએ ઉપરી અધિકારીની સુચના મુજબ કામ કરવા સારૂ જણાવતા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડિવીજન અમદાવાદ શહેર નાઓના સીધા માર્ગદર્શન હેઠળ P.I. શ્રી વી.ડી.ઝાલાનાઓએ PSI શ્રી એ.જે.પરમાર તથા જનરલ સ્કોર્ડના ઈન્ચાર્જ ASI રાજેન્દ્રસિંહ જશવંતસિંહ તથા તેમની ટીમના પો.કો.કિરીટસિંહ રણજીતસિંહ બ.નં.૬૯૯૧, પો.કો. જીતેન્દ્રસિંહ હરિસિંહ બ.નં.૧૦૩૮૮ તથા પો.કો.પરબતસિંહ નારસંગભાઈ બ.નં.૧૦૧૨૨નાઓને ભારે ગુન્હામાં નાશતા-ફરતા આરોપીઓ શોધી કાઢવા સારૂ સુચના કરેલ હોય, જે સુચના આધારે નિકોલ પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર: પાર્ટ A-11191015200635/2020 ઈપીકો કલમ: ૩૦૭, ૩૨૪, ૧૧૪ મુજબના ગુન્હાના કામે સંડોવાયેલ આરોપી અને નિકોલ પોલીસ સ્ટેશનનો હિસ્ટ્રીશીટર અજીત ઉર્ફે અર્જુન S/o રજેન્દ્રસિંહ કુશ્વાહ રહે:મકાન નંબર: A/૨૪/૨૧, ગોકુલ ગેલેક્ષી, કઠાવાડા ગામ રોડ, કઠવાડા, અમદાવાદ શહેરનાને ટીમના માણસોને મળેલ બાતમી હકિકત આધારે તા.૧૮/૦૭/૨૦૨૦ ના રોજ કઠવાડા ગામ રોડ. ગલ્લાતાલાવડી ત્રણ રસ્તા ખાતેથી ઝડપી પાડી પ્રશનનીય કામગીરી કરેલ છે.



# છેતરપીંડીના  આરોપીની અટકાયતની વિગત

## કાગડાપીઠ પોલીસ સ્ટેશન :-

## ક્લોથ માર્કેટના કુલ-૨૭ વેપારીઓ સાથે દિલ્હી ખાતે બોગસ કંપની બનાવી છેતરપીંડીઆચરી ગેંગના મુખ્ય સુત્રધાર સહિત ત્રણ આરોપીને પકડી પાડતી કાગડાપીઠ પોલીસ

અમદાવાદ શહેરમા બનતા ગુના ડિટેક્ટ કરવા મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી  “કે” ડીવીઝન મિલાપ પટેલ સાહેબ નાઓની સુચના અને માર્ગદશન હેઠળ કાગડાપીઠ પો.સ્ટે.ના પોલીસ ઇન્સ્પેકટર એમ.એ.સિંહ સા.ના નેતૃત્વ હેઠળ કાગડાપીઠ પો.સ્ટે.ના (૧) ફસ્ટ ગુ.ર.નં.૫૫/૨૦૧૯ ધી ઇપીકો કલમ-૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૧૪ તથા (૨) ફસ્ટ ગુ.ર.નં.૫૬/૨૦૧૯ ધી ઇપીકો કલમ-૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૧૪ તથા (૩) ફસ્ટ ગુ.ર.નં. ૫૮/૨૦૧૯ ધી ઇપીકો કલમ-૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૧૪ તથા ૧૨૦(બી) મુજબના ગુનાનો વોન્ટેડ આરોપી મનોહર પરષોત્તમ લાલવાણીની પો.સ.ઇ.કે.એ.જાડેજા તથા તેઓની ટીમે મહારાષ્ટ્ર ખાતેથી ધરપકડ કરેલ છે આ આરોપી છેલ્લા દોઢેક વર્ષથી પોતાના સરનામા બદલતો રહેતો હતો તદઉપરાંત આ ગુનાના મુખ્ય કાવતરાખોર અજય મુરલીધર કોડવાણી તથા ઇરફાન શબુલભાઇ અંસારી નાઓની પણ પો.સ.ઇ.કે.એ.જાડેજા તથા પો.સ.ઇ.એમ.બી.પટેલ તથા તેઓની ટીમ ધ્વારા ધરપકડ કરેલ હતી.

આ ગુનાના આરોપીઓએ દીલ્હી ખાતે પાંચ અલગ-અલગ પેઢી બનાવી અમદાવાદના કાપડ માર્કેટના એજન્ટ મારફતે માર્કેટમાંથી મોટા પ્રમાણમા કાપડની ખરીદી કરી તેની રકમ ન ચુકવી પેઢીઓ બંધ કરી દીધેલ જે બાબતે કુલ-૨૭ જેટલા ભોગ બનનાર વેપારીઓ કાગડાપીઠ પો.સ્ટે.મા આ ગેંગના સભ્યો વિરૂધ્ધ છેતરપીંડી વિશ્વાસઘાત અને ઠગાઇ અંગેની ત્રણ ફરીયાદ નોંધાયેલ હતી આ અંગેની વધુ તપાસ હાલ ચાલુ છે.



# મોબાઇલ સ્નેચિંગ આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાંચ :-**

## મોબાઇલ સ્નેચિંગ કરતા ઇસમને 5 મોબાઇલ સાથે ઝડપી પાડી અનડિટેકટ ગુનાઓ શોધી કાઢતી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ

છેલ્લા ઘણા સમયથી અમદાવાદ શહેરમાં મોબાઇલ સ્નેચિંગના ગુનાઓ બનવા પામેલ હોય જેથી ક્રાઇમ બ્રાન્ચના ખાસ પોલીસ કમિશ્નર શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ ક્રાઇમ બ્રાન્ચના અધિકારી શ્રીઓને આવા ગુનાઓ શોધી કાઢવા સૂચના કરેલ જે આધારે મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઇમ બ્રાન્ચ નાઓએ ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેકટર શ્રીઓને આવા ગુનાઓ શોધી કાઢવા ડ્રાઇવ રાખવા જણાવેલ. જે અનુસંધાને ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટર એ.વાય.બલોચ નાઓની સીધી દેખરેખ અને માર્ગદર્શન હેઠળ તેઓના સ્ક્વોર્ડના માણસોની અલગ અલગ ટીમો બનાવી આવા ગુના શોધી કાઢવાના પ્રયત્નો હાથ ધરવામાં આવેલ જે અનુસંધાને હે.કો.રાકેશસિંહ ધર્મેન્દ્રસિંહ તથા તેઓની ટીમના માણસો તા.18/7/2020 ના રોજ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત આધારે સોનીની ચાલી ચાર રસ્તાથી ઓઢવ તરફ જતા બ્રીજના છેડા પાસેથી એક ઇસમ મયંક ઉર્ફે રાજા નિલેશભાઇ સુથાર ઉવ.24 રહે.બ્લોક નંબર 6/163 પંચરત્ન આવાસ યોજનાના મકાન રિલાયન્સ પેટ્રોલપંપની પાછળ વસ્ત્રાલ અમદાવાદ શહેરનાને કલાક 18/00 વાગે ઝડપી પાડી તેની ઝડતી તપાસ કરતા તેની પાસેથી અલગ અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ – 5 કિ.રૂ.45,000/- નો મુદ્દામાલ કબ્જે કરી તપાસ હાથધરવામાં આવેલ જે આરોપીની પૂછપરછ દરમ્યાન નીચે મુજબના અનડિટેક્ટ ગુના શોધી કાઢવામાં આવેલ છે.

➢ **શોધાયેલ ગુના : -**

(1) નિકોલ પોલીસ સ્ટેશન પાર્ટ A ગુ.ર.નં 11191015200825/2020 ઇ.પી.કો કલમ 379 (A) 3 મુજબ(2) ઓઢવ પોલીસ સ્ટેશન પાર્ટ A ગુ.ર.નં 11191037200706/2020 ઇ.પી.કો કલમ 379 (A) 3 મુજબ(3) નરોડા પોલીસ સ્ટેશન પાર્ટ A ગુ.ર.નં 11191035201761/2020 ઇ.પી.કો કલમ 379 (A) 3, 114 મુજબ

➢ **કબૂલાત :**

(4) જુન માસના પ્રથમ અઠવાડિયામાં નિકોલ રોડ ઇન્દ્રજીત સોસાયટીના નાકા પાસેથી એક ભાઇના હાથમાંથી મોબાઇલ લૂંટી લીધેલ હોવાની કબૂલાત કરેલ છે. (5) એકાદ માસ પહેલા નિકોલ ડી – માર્ટ રોડ ઉપરથી એક ભાઇના હાથમાંથી મોબાઇલની લૂંટ કરેલ હોવાની કબૂલાત કરેલ છે.(6) એકાદ માસ પહેલા નિકોલ પામ હોટલ પાસેથી એક ભાઇના હાથમાંથી મોબાઇલની લૂંટ કરેલ હોવાની કબૂલાત કરેલ છે.

જે બાબતે નિકોલ પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવેલ છે.

## ➢ આરોપીનો પૂર્વ ઇતિહાસ : -

આરોપી મયંક ઉર્ફે રાજા સુથાર અગાઉ સને-2019 માં મોબાઇલ સ્નેચીંગના ગુનાઓમાં શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં બે વખત પકડાયેલ છે અને તેની વિરૂધ્ધમાં પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવતા તે સુરત જેલમાં પાસા હેઠળ જઇ આવેલ છે.

## ➢ ગુનાની એમ.ઓ. : -

પકડાયેલ આરોપી તથા તેના સાગરીતો સાથે મળી સાગરીતનું મોટર સાયકલ લઇ રાતના સમયે નિકોલ, નરોડા તથા ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નિકળતા અને ચાલતા જઇ રહેલ રાહદારીઓ મોબાઇલ ફોન ઉપર વાતચીત કરી રહેલ તે વ્યક્તિઓને ટાર્ગેટ બનાવી તેમની પાસેના મોબાઇલ ફોન લૂંટી લેતા હતા

પકડાયેલ આરોપીને નિકોલ પોલીસ સ્ટેશન સોપવામાં આવેલ છે.

# પ્રોહીબીશન આરોપીની અટકાયતની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન :-

## ભારતીય બનાવટના વિદેશી દારૂની ના ક્વોટર્સ નંગ- ૪૯૮/- તથા ઇક્કો ગાડી સાથે કુલ્લે કિ.૪,૬૨,૨૫૦/-ની મત્તાનો જથ્થો પકડી પાડતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર-૨ નાઓ તથાનાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪સાહેબતથા મદદનીશપોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી પ્રોહી- જુગારની પ્રવૃત્તી નેસ્ત-નાબુદ કરવા અંગેની સુચના આધારેપોલીસ ઇન્સપેકટર એચ.બી.પટેલ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર એમ.બી.બારડ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સ.ઇ એમ.જી.ઢોડીયા તથા કુબેરનગર પો.ચોકી પો.સબ.ઇન્સ આઇ.કે.મોથલિયા તથા સાથેના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન સાથેના અ.હે.કો.પ્રદીપસિં મહીપાલસિંહ બ.ન.૩૬૧૬ તથા અ.પો.કો઼ભરતભાઇ હરચંદભાઇ બ ન-૮૪૫૭ નાઓને મળેલ સંયુક્ત ખાનગી બાતમી હકિકત આધારે મિતેશભાઇ ઉર્ફે ચીન્કુ લક્ષ્મણભાઇ જાતે.પાનવેકર ઉ.વ.૨૮ રહે.મહાજનીયાવાસ નરોડા પાટીયા પાસે કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર નાનો પોતાના આર્થીક ફાયદા સારૂ ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટના વિદેશી દારુ નો જથ્થો પોતાના કબજાની એક સફેદ કલરની ઇક્કો ગાડી જેનો આર.ટી.ઓ નંબર જીજે.૦૧ એચઝેડ ૪૯૭૦ માં રાખી રેડ દરમ્યાન મળી આવેલ હોય જે સદરી વિરુધ્ધમાં ધી પ્રોહિ કલમ ૬૬(બી),૬૫(એ)(ઈ), ૧૧૬(૨),૯૮(૨)મુજબ કાયદેસર કાર્યવાહિ કરેલ છે.

**આરોપીઓના નામ;-**મિતેશભાઇ ઉર્ફે ચીન્કુ લક્ષ્મણભાઇ જાતે.પાનવેકર ઉ.વ.૨૮ રહે.મહાજનીયાવાસ નરોડા પાટીયા પાસે કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર

**મુદ્દામાલ;-**(૧) ભારતીય બનાવટનો વિદેશીદારૂ ૧૮૦ મી.લી. ની કાચની શીલ બંધ બોટલ નંગ-૪૯૮/- કિ.રૂ. ૬૨,૨૫૦/-(૨) એક સફેદ કલરની ઇક્કો ગાડી જેનો આર.ટી.ઓ નંબર જીજે.૦૧ એચઝેડ ૪૯૭૦ જેની કિ.રૂ.૪,૦૦,૦૦/-

**કામગીરી કરનાર અધીકારી / કર્મચારી ;-**(૧) પોલીસ સબ ઇન્સઆઇ.કે.મોથલિયા (૨) પોલીસ સબ ઇન્સએમ.જી.ઢોડીયા (૩) અ.હે.કો.પ્રદીપસિં મહીપાલસિંહ બ.ન.૩૬૧૬ (૪) અ.પો.કો.ભરતભાઇ હરચંદભાઇ બ ન-૮૪૫૭ (૫) અ.લો.ર.રોહીતકુમાર કનૈયાલાલ બ ન-૧૨૯૪૮ વિગેરે.



## ચાંદખેડા પોલીસ સ્ટેશન :-

## ચાંદખેડા કાન્હા હોટલ ન્યુ.સી.રોડના નાકેથી પસાર થતી ઓટો રીક્ષા સાથે દેશી દારૂનો જથ્થો પકડી પાડતી ચાંદખેડા પોલીસ

મે, પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ તથા ના.પો.કમિ.શ્રી ઝોન-૨ તથા મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન સાહેબ નાઓની સુચના મુજબ પ્રોહી. તથા જુગારની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદ કરવા અંગેની સુચના અન્વયે પોલીસ ઇન્સ્પેક્ટર બી.કે. ગમાર સાહેબ નાઓએ ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીની પ્રવુત્તી અટકાવવા સારૂ કરેલ સુચના અનુસંધાને સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇ. કે.એચ.ચૌધરી તથા સર્વેલન્સ સ્ટાફના અ.હે.કો. મહેંદ્રસિંહ પ્રતાપસિંહ બ.નં-૪૩૬૫ તથા અ.હે.કો. ભરતકુમાર વિહાજી બ.નં-૩૫૨૭ તથા અ.લો.ર. કરણજી મેણંદભાઇ બ.નં-૧૩૩૯ તથા અન્ય સ્ટાફના માણસો સાથે ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન અ.લો.ર. કરણજી મેણંદભાઇ બ.નં-૧૩૩૯ નાઓની બાતમી હકિકત આધારે ચાંદખેડા કાન્હા હોટલ ન્યુ.સી.જી. રોડના નાકે ચાંદખેડા અમદાવાદ શહેર ખાતે જાહેરમા આરોપી હસમુખ ઉર્ફે રાજ સ/ઓ દિનેશભાઇ જાતે-રાઠોડ(તીરગર) ઉ.વ.૨૨ રહે-તીરગર વાસની ચાલી બકરામંડી રાણીપ અમદાવાદ શહેર ના કબ્જાની સી.એન.જી. બઝાજ રીક્ષા જેનો આર.ટી.ઓ. નં-GJ-01-TD-7799 મા ૧૦૨ લીટર દેશીદારૂ જેની કિં.રૂ.૨,૦૪૦/- નો મુદ્દામાલ તથા એક બજાજ સી.એન.જી. ઓટો રીક્ષા કે જેનો આર.ટી.ઓ. નં-GJ-01-TD-7799 નો છે કે જેની કિં.રૂ.૨૦,૦૦૦/- ગણી શકાય તે મળી કુલ્લે રૂ.૨૨,૦૪૦/- નો મુદ્દામાલ કબ્જે કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૧૮/૦૭/૨૦૨૦

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-　　　　સમાચાર યાદી નં.૧૧૯૯/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૦કેસ કરી,૭૧વ્યક્તિઓને ઝડપી,૮૦૨લીટર દેશી દારૂ, ૧૧૧ બોટલ ઇંગ્લીશ દારૂ,૫૧૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂઅને ૧રિક્ષા કબજે કરીહતી. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪,૦૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-　　　　સમાચાર યાદી નં.૧૨૦૦/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૪૮વ્યક્તિઓનીઅટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-　　　　સમાચાર યાદી નં.૧૨૦૧/૨૦૨૦**

**સરખેજઃ** પ્રશાંત રમેશચંદ્ર વૈદ (ઉ.વ.૪૧) (રહે. તક્ષ આંગન સોસાયટીપાયોનીયા કોલેજ પાછળ,સીકંદર પુરા આજવા રોડવડોદરા) એ તા.૧૮/૦૭/૨૦૨૦ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે મે/૨૦૧૯ થી તા.૧૧/૦૬/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન સરખેજ મકરબા એસ.જી.હાઇવે સિગ્નેચર-૧ ઓફીસ નંબર-૭૦૪ ખાતે આરોપી (૧)રજતસિંહ (૨) વિજય શર્મા (૩) અનિરુધ્ધ શર્મા (૪) અશોકકુમાર શર્મા (રહે. એમ/૧૨૦૫, આમ્રપાલી ઝોડીક/૧૨૦, ગૌતમ બુધ્ધનગર નોઇડા૨૦૧૩૦૧ ઉત્તરપ્રદેશ) (૫) મોહન શર્મા (રહે. જિરાઉલીસાસનિહાથરજનોઇડા) તથા તેઓ સાથે સંકળાયેલા અન્ય વ્યક્તિઓએ ભેગા મળી ટી.વી.જોવાની સ્કીમ બનાવી ગ્રાહકોને દર મહિને રૂપિયા ૫૦૦૦/- તથા રૂપિયા ૧૧,૫૦૦/- આપવાની લાલચ આપી ડીપોઝીટના રૂપિયા ૫,૦૦,૦૦૦/- તથા મે કેચી પિક્ષલના બનાવેલ ૮૭ ગ્રાહકોના રૂપિયા ૭૦,૯૪,૩૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

**શાહીબાગઃ** રીષભ રવીપ્રકાશ ઘિયા (ઉ.વ.૨૨) (રહે. આનંદલક્ષ્મી સોસાયટી શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૭/૨૦૨૦ બપોરના ૧૨/૧૫ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૭૦૦૧૨૯૦૬૨૮ ના ધારકે રીષભ ઘિયાને ફોન કરી જણાવેલ કે તમારૂ પે.ટી.એમ કે.વાય.સી બંધ થઇ ગયેલ છે જે ચાલુ કરાવવા સારૂ ક્વીક સપોર્ટ એપ નામની વેબસાઇડ ડાઉનલોડ કરાવી તેમાં ટ્રાન્જેકશન કરાવી ગુગલ ક્રોમાંથી પે.ટી.એમ લોગીન કરાવી ૧૦ રૂપિયાનું ટ્રાન્જેક્શન પે.ટી.એમમાં કરાવી રીષભ ઘિયાના ક્રેડિટ કાર્ડના સી.વી.વી નંબર નખાવી રીષભ ઘિયાના પિતાના ક્રેડીટ કાર્ડમાંથી ઓનલાઇન અલગ-અલગ કુલ રૂપિયા ૧૬,૧૯૦/- ટ્રાન્ઝેક્શન કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.કે.પટેલચલાવે છે.

**સરદારનગરઃ (૧)** રંજનબહેન ડો/ઓફ કેશવલાલ પ્રજાપતિ (ઉ.વ.૪૨) (રહે. મોતીનગર સોસાયટી ન્યુ. "જી" વોર્ડ કુબેરનગર) એ તા.૧૮/૦૭/૨૦૨૦ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૫/૨૦૨૦ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૬૩૭૦૨૩૩૯૩૨ ના ખાતા ધારકેસીદીક શેખ નામની ઓળખ આપી રંજનબહેન પ્રજાપતિને ફોન કરી જણાવેલ કે તમારુ કે.વાય.સી અપડેટ કરવાનુ છે તેમ કહી રંજનબહેનના બેન્કના ખાતા માંથી કુલ રૂપિયા ૩૧,૯૯૯/- પે.ટી.એમ નંબર ૮૫૧૫૦૦૮૧૦૯ તથા ૯૧૩૪૭૬૭૬૩૧ માં જમા કરાવી લઈ મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.બી.બારડચલાવે છે.

**સરદારનગરઃ (૨)** હરેશકુમાર બાવનદાસ ગનવાણી (ઉ.વ.૪૦) (રહે.તીર્થરાજ એપાર્ટમેન્ટ શિવમંદીર બંગલા એરીયા કુબેરનગર સરદારનગર) એ તા.૧૮/૦૭/૨૦૨૦ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૪/૨૦૨૦ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારેમોબાઈલ નંબર ૯૫૪૭૪૬૩૬૩૦ ના ખાતા ધારકેફોન કરી પે માંથી બોલુ છું તેમ જણાવી એપ્લીકેશ ડાઉનલોડ કરાવી હરેશકુમાર ગનવાણીના ફોન પે દ્વારા હરેશકુમાર ગનવાણીના એસ.બી.આઅઈ.બેંક તથા કોટક મહેન્દ્ર બેન્કના ખાતામાંથી કુલ રૂપિયા ૨૭,૫૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.બી.પટેલચલાવે છે.

**એરપોર્ટઃ** લવજીભાઇ ધોળાભાઇ ડોડીયા (રહે. હાસોલ ગામ વણકરવાસ ગણપતિ મંદિર સામે સરદારનગર) એ તા.૧૮/૦૭/૨૦૨૦ નારોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કેતા.૨૦/૦૧/૨૦૨૦ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારેમોબાઈલ નંબર ૯૦૯૧૪૪૩૨૩૦ ના ખાતા ધારકેફોન કરી તમારૂ બેંકનુ એ.ટી.એમ. કાર્ડ બ્લોક થઈ ગયુ છે જે ચાલુ કરવાનુ કહી એ.ટી.એમ કાર્ડ નંબર તથા ઓટીપી નંબર મેળવી લવજીભાઈ ડોડીયાના ખાતાંમાથી રૂપિયા ૨૪,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.સી.રાઠવાચલાવે છે.

**કૃષ્ણનગરઃ (૧)** હિતેશકુમાર સેવંતીલાલ શાહ (ઉ.વ.૪૯) (રહે. બાલકૃષ્ણનગર ગુજરાત હાઉસીંગ બોર્ડ કૃષ્ણનગર) એ તા.૧૮/૦૭/૨૦૨૦ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કેતા.૧૪/૦૭/૨૦૨૦ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારેશોપ ક્લ્યુઝો કંપનીના મોબાઈલ નંબર ૮૮૧૫૦૧૭૧૧૭ તેમજ ૮૯૨૭૮૭૭૭૬૨ ના ખાતા ધારકેટેબલેટના પૈસા પરત આપવાના છે તેમ કહી ટેબલેટના પૈસા પરત મળશે તેમ કહી ક્વીક સપોટ નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી તેના પેટીએમ એકાઉન્ટમા કુલ રૂપિયા ૫૮,૫૪૭/- ભરાવી ટેબલેટના પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.કે.રાઠોડચલાવે છે.

**કૃષ્ણનગરઃ (૨)** રજનીકાંત શંકરલાલ પટેલ (ઉ.વ.૩૫) (રહે. ઉમિયા એપાર્ટમેન્ટ વિભાગ-૦૧ સરદારચોક કૃષ્ણનગર) એ તા.૧૮/૦૭/૨૦૨૦ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કેતા.૧૫/૦૭/૨૦૨૦ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારેશાઇન કોમ નામની વેબસાઇટ માંથી મોબાઈલ નંબર ૭૩૮૧૮૩૬૭૫૦ના ખાતા ધારકેફોન કરી પોતે શાઇન.કોમ.માથી બોલતા હોવાનુ જણાવી નોકરી અપાવવાની વાત કરી ૧૦ રૂપિયા ફી ભરવી પડશે તેમ જણાવ્યુ હતુ. ત્યારબાદ મોબી ક્વીક નામની એપ્લીકેશનમાં રૂપિયા ૪૦,૦૦૦/- ભરાવડાવી રૂપિયા મેળવી લઈ નોકરી નહી અપાવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.કે.રાઠોડચલાવે છે.

**મેઘાણીનગરઃ** (૧) અરવિંદસિંહ રાજેન્દ્રસિહ ચૌહાણ (ઉ.વ.૨૫) (રહે. અમરાજીનગર ગલી નં-૧ ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ તા.૧૮/૦૭/૨૦૨૦ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કેતા.૧૫/૦૭/૨૦ સવારના ૧૧/૫૫ થી રાતના ૮/૩૫ વાગ્યા દરમ્યાનમોબાઈલ નંબર ૯૮૭૫૭૭૨૨૭૫ તથા ૭૦૨૭૬૨૧૫૪૩ ના ધારકે પોતાનુ નામ શ્રીકાંત વર્મા જણાવી અરવિંદભાઈ ચૌહાણને ફોન કરી ઓએલએક્સ નામની એપ્લીકેશન ઉપર તમારો રીયલ મી કંપનીનો મોબાઈલ ફોન લાગેલ છે તેમ કહી કુલ રૂપિયા ૧૪,૫૦૦/- મેળવી લઈવિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.પટેલ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** (૨) મુકેશકુમાર નારણભાઈ પ્રજાપતી (ઉ.વ.૨૨) (રહે. સરસ્વતીનગર લક્ષ્મીનગર પાછળ છેલ્લા બસ સ્ટેન્ડ મેઘાણીનગર) એ તા.૧૮/૦૭/૨૦૨૦ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કેતા.૧૦/૦૬/૨૦૨૦ થી તા.૧૯/૦૬/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાનમોબાઈલ નંબર ૯૫૮૨૫૪૮૭૪૭ ઉપર થી વાત કરનાર નંદીનીબહેન તથા ૭૪૫૫૮૩૩૮૦૪ ઉપરથી વાત કરનાર સત્યમ ભાર્ગવ નામના વ્યક્તિઓએ મુકેશ્કુમાર પ્રજાપતિને ફોન કરી એર ઈન્ડીયામાં એકાઉન્ટ્ન્ટની નોકરી અપાવવાની વાત કરી તેમના પે.ટી.એમ એકાઉન્ટ નંબર ૯૫૪૦૪૦૧૩૯૪ ઉપર ઓનલાઈન કુલ રૂપિયા ૧૩,૧૮૬/- ટ્રાન્જેકશન કરાવી મેળવી લઈ નોકરી નહી અપાવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.જાડેજા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૦૨/૨૦૨૦**

**નારોલ**ઃ પ્રેવલકુમાર હેતરામ શાક્ય (રહે. કૈલાસનગર સોસાયટી સત્યમનગરની બાજુમાં શાહવાડી નારોલ) એ તા.૧૭/૦૭/૨૦૨૦ રાતના ૯/૦૦ વાગે નારોલ શાહવાડી શ્યામ કોર્પોરેશન પ્રા.લી. ટેક્ષટાઇલ્સ કંપનીની બાજુમાં ખુલ્લા મેદાનમાં પોતાની બોલેરો પીકઅપ ગાડી નંબર જીજે ૦૧ ૮૫૮૯ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૮/૦૭/૨૦૨૦ કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ પ્રેવલકુમાર શાક્યએ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ.કુલધરા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૨૦૩/૨૦૨૦**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** અરવિંદભાઈ પ્રભાતભાઈ રાઠોડ (રહે. રાઠોડ ફળીયુ જોગણીમાતાના મંદિર પાસે ગામ ખંભાલી તાલુકો મહેમદાબાદ જીલ્લો ખેડા) એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે જશોદાનગર ચાર રસ્તા પાસે કેડીલા બ્રીજના છેડેથી અરવિંદભાઈના ભાઈ મહેનદ્રભાઈ પ્રભાતભાઈ મોટર સાયકલ પાછળ મિત્ર દિનેશભાઈ વનાભાઈ રાઠોડ (ઉ.વ.૩૫) (રહે.રાઠોડ ફળીયુ જોગણીમાતાના મંદિર પાસે ગામ ખંભાલી તાલુકો મહેમદાબાદ જીલ્લો ખેડા) બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે ડમ્પર ગાડી નંર જીજે ૧૮ એયુ ૯૬૫૬ ના ચાલકે ડમ્પર પુર ઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા બન્ને જણ ફંગોળાઈ ગયા હતા. જેમાં દિનેશભાઈને ગંભીર ઈજાઓ થતા દિનેશભાઈનુ સ્થળ પર જ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.એસ.સીસોદીયા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૨૦૪/૨૦૨૦**

**કૃષ્ણનગરઃ** અનસુયબા ડો/ઓફ નટવરસિંહ સોલંકી (ઉ.વ.૨૧) (રહે. માણેકનાથનગર વિ-૪ ગીરીવુંદ સોસા.ની બાજુમાં સૈજપુર બોઘા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૭/૨૦૨૦ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહિલ ચલાવે છે.

**દાણીલીમડાઃ** અનવર મુખ્ત્યારમિયા શેખ (ઉ.વ.૩૫) (રહે.સંતોષનગર ચાર માળીયા બહેરામપુરા) (સાસરીમાં) એ છેલ્લા ત્રણ મહીનાથી મજુરી કામ નહી મળતા મનમાં લાગી આવતા તા.૧૮/૦૭/૨૦૨૦ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે ઝેરી ગોળીઓ ખાઈ લેતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઇ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શંકરભાઇ વાલજીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી